## પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા વિષયક સુવિધા પૂરી પાડવી

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા વિષયક સુવિધાઓ પૂરી પાડવાની યોજના અમલી બનાવવામાં આવેલ છે. આ યોજના હેઠળ શાળાઓમાં કન્યાઓ માટે અલાયદા સ્વચ્છતા સંકુલો ઊભા કરવામાં આવે છે. આ યોજનાના કારણે શાળામાં કન્યાઓના સ્થાયિકરણના દરમાં વધારો થવા પામેલ છે.

યોજના અંતર્ગત ધોરણ ૧થી ૪ની શાળા માટે રૂ.૧૨૦૦ તથા ધોરણ ૫થી ૭ની શાળા માટે રૂ.૨૪૦૦ સહાય આપવામાં આવે છે.

**વર્ષ ૨૦૦૯-૧૦માં સ્વચ્છતા સંકુલના બાંધકામ માટે રૂ.૩૫૭.૯૨ લાખ તથા સ્વચ્છતા વિષયક સુવિધાઓ પૂરી પાડવા માટે રૂ.૬૮૧.૩૩ લાખની જોગવાઈ સૂચવેલ છે.**

**વર્ષ ૨૦૦૮-૦૯માં ૩૫૦ સ્વચ્છતા સંકુલ બાંધવામાં આવ્યા તેમ જ ૧થી ૭ ધોરણની ૩૨૦૦૦ શાળાના સ્વચ્છતા સંકુલમાં સ્વચ્છતા વિષયક સુવિધા પૂરી પાડવામાં આવી.**

**સંપર્ક : શાળાના મુખ્ય શિક્ષક (શિક્ષણ વિભાગ, ગાંધીનગર)**